પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express Pvt Ltd
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૨ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૮, મંગળવાર; ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હૈદરાબાદ બ્લાસ્ટ કેસમાં બે ને મૃત્યુદંડ

હૈદરાબાદ વિસ્ફોટ મામલે એનઆઈએની એક વિશેષ કોર્ટે ઈન્ડિયન મુજાહિદીનના અનીક સૈયદ અને ઈસ્માઈલ ચૌધરીને મૃત્યુદંડની સજા જ્યારે ત્રીજા આરોપી તારીક અંજુમને ઉમરકેદની સજા સંભળાવવામાં આવી છે.

### ચીન-પાક કોરીડોર અફઘાનિસ્તાન સુધી લંબાવાશે

ચીન અને પાકિસ્તાને ૫૦ અરબ ડોલરના ચીન-પાકિસ્તાન આર્થિક કોરીડોરનો વિસ્તાર અફઘાનિસ્તાન સુધી કરવાનો નિર્ણય લીધો છે. ચીનના વિદેશમંત્રીના પ્રવક્તાએ કહ્યુ છે કે તાજેતરમાં આ મામલે સહમતી થઈ ચૂકી છે.

### પ્રશાંત કિશોર રાજકારણમાં નહી જોડાય

ચૂંટણી રણનીતિજ્ઞ પ્રશાંત કિશોર રાજકારણમાં જોડાશે નહી. વધુમાં તેઓએ જણાવ્યુ છે કે તેઓ વર્ષ-૨૦૧૯માં કોઈપણ પાર્ટી તરફથી ચૂંટણી પ્રચાર નહી કરે.

### નીરવ મોદીની બહેન વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસ

ઈન્ટરપોલે રૂ. ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંકના કૌભાંડ મામલે હીરા વેપારી નીરવ મોદીની બહેન પૂર્વી દીપક મોદી વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસ જાહેર કરી છે. ઓગષ્ટમાં મુંબઈની વિશેષ કોર્ટે બહેન પૂર્વા અને ભાઈ નિશલને કોર્ટ સમક્ષ હાજર થવાનુ સમન્સ જાહેર કર્યુ હતુ.

# ભારત બંધને મિશ્ર પ્રતિસાદ

**દેશના ઘણા ભાગમાં હિંસક દેખાવ : બિહારમાં સૌથી વધારે અસર રહી : ટ્રેનો રોકાઈ, ચક્કાજામ : રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રામલીલા મેદાનમાં આયોજિત રેલીમાં રાહુલ, સોનિયા ગાંધી, મનમોહનસિંહ, અન્ય પક્ષોના અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યા**




નવી દિલ્હી,તા. ૧૦

પેટ્રોલ અને ડીઝલની સતત વધતી જતી કિંમતો સામેના વિરોધમાં આજે કોંગ્રેસના નેતૃત્વમાં ૨૧ વિરોધ પક્ષો દ્વારા ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. ભારત બંધનુ એલાન કરવામાં આવ્યા બાદ સવારથી જ તેની અસર દેખાવવા લાગી હતી. કેટલાક રાજ્યોમાં બંધને જોરદાર પ્રતિસાદ સાંપડ્યો હતો. બિહારના જેહાનાબાદમાં ભારત બંધના પરિણામ સ્વરુપે ભીષણ ટ્રાફિકજામમાં ફસાઈ જવાના કારણે બે વર્ષની માસુમ બાળકીનું મોત થઈ ગયું હતું. બાળકીની સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહી હતી પરંતુ તે ટ્રાફિકજામમાં ફસાઈ ગઈ હતી. જામ ન ખુલતા બાળકીનું અધવચ્ચે રસ્તામાં જ મોત થયું હતું. જો કે, જેહાનાબાદના એસડીઓનું કહેવું છે કે, પરિવારના સભ્યો બાળકીને મોડેથી લઈને નિકળ્યા હતા. ભારત બંધ દરમિયાન બિહારમાં હિંસક પ્રદર્શન થયા હતા. વિપક્ષી દળોએ ચક્કાજામ કર્યા હતા. ટ્રેનો રોકી હતી. પટણા સહિતના વિસ્તારોમાં વિરોધ પક્ષોએ હિંસક દેખાવો કર્યા હતા. અનેક જગ્યાઓએ વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. પટણામાં રાજેન્દ્રનગર ટર્મિનસની બહાર બસમાં તોડફોડ

● અનુસંધાન પાન-૭ પર








# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો

**વિરોધ પક્ષોના તીવ્ર દબાણની સરકાર પર કોઇ અસર નહીં : મુંબઇમાં પેટ્રોલની કિંમત વધી ૮૮.૧૨ અને દિલ્હીમાં ૮૦.૭૩ રૂપિયા પ્રતિલીટર સુધી પહોંચી**

નવી દિલ્હી, તા.૧૦

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે સતત ચોથા દિવસે પણ વધારો ઝીંકવામાં આવ્યો હતો. તીવ્ર મોંઘવારીના કારણે સામાન્ય લોકો ખુબ પરેશાન છે અને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ભાવ વધારાની સામે મેદાનમાં હોવા છતાં આની કોઈ અસર દેખાઈ રહી નથી.

આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યો હતો. આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૮૦.૭૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી. જ્યારે ડીઝલની કિંમત ૭૨.૮૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી. કોલકત્તામાં પેટ્રોલની કિંમત ૮૩.૬૧ સુધી પહોંચી ગઈ હતી. મુંબઈમાં ૮૮.૧૨ સુધી અને ચેન્નાઈમાં ૮૩.૯૧ સુધી પહોંચી ગઈ હતી. આવી જ રીતે કોલકત્તા, મુંબઈ અને ચેન્નાઈમાં ડીઝલની કિંમત ક્રમશ ૭૫.૬૮, ૭૭.૩૨ અને ૭૬.૯૮ સુધી પહોંચી હતી.

## મોદી સરકારને બદલવાનો સમય આવી ગયો : મનમોહન સિંહ

ન્યુ દિલ્હી,તા.૧૦

પૂર્વ પીએમ મનમોહન સિંહે રામલીલા મેદાનમાં આયોજીત ધરણામાં મોદી સરકાર પર પ્રહારો કર્યા અને આ સરકારને દરેક મોર્ચા પર નિષ્ફળ ગણાવ્યા. તેમણે કહ્યું કે સમય આવી ગયો છે કે મતભેદ ભૂલીને તમામ પક્ષ સાથે આવે. સરકાર બદલવાનો સમય આવવાનો છે. આ સરકારમાં ખેડૂત, નાના વેપારી પરેશાન છે. યુવાનોને રોજગારી મળી રહી નથી. મોદી સરકારે જે વચન આપ્યું હતું તે વચન પૂરું થઈ રહ્યું નથી. આપણે દેશની એકતા અને અખંડિતતા બચાવાનું કામ કરવું પડશે. મોદી સરકારના એવા કેટલાંય કામ છે જે દેશહિતમાં નથી.

## શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર સે.૧૨ના આજીવન સભ્યોને જણાવવાનું કે, સમાજની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૨/૯/૨૦૧૮ને શનિવાર બપોરે ૨.૦૦ કલાકે બાશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત સમાજ ભવન, સે.૧૨, ગાંધીનગર ખાતે નીચેના સામો સારૂ રાખેલ છે. જેમાં સભ્યોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**એજન્ડા**

૧. પ્રમુખની વરણી કરવા બાબત.
૨. ગત સાધારણ સભાનું પ્રોસીડીંગ વંચાણમાં લઈ બહાલી આપવા બાબત.
૩. વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક હિસાબો વંચાણમાં લઈ મંજુર કરવા બાબત.
૪. વર્ષ ૨૦૧૮-૨૦ના ઓડિટરશ્રીની નિમણુંક કરવા બાબત.
૫. વર્ષ ૨૦૧૮-૨૦ની કારોબારી સમિતિની રચના કરવા બાબત.
૬. ગત વર્ષના કાર્યનો અહેવાલ રજૂ કરવા બાબત.
૭. પ્રમુખ સ્થાને રજૂ થાય તે.

(ડો. શંકરસિંહજી આર. રાણા)
પ્રમુખશ્રી
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલી સભા આપેલ તારીખ અને સમયે અડધા કલાક બાદ ઉપરોક્ત સ્થળે હાજર રહેલા સભ્યોનું કોરમ ગણી પુનઃ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે જેની નોંધ લેવી.

# દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા

**રવિવાર બાદ ફરીવાર સવારે હળવા આંચકા : સતત બે દિવસ સુધી આંચકાઓના કારણે અભ્યાસ જારી**

નવી દિલ્હી,તા. ૧૦

દિલ્હી અને એનસીઆરમનાં રવિવારના દિવસે હળવા આંચકા આવ્યા બાદ આઈજે સવારે ફરી એકવાર ભૂકંપના આંચકાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. આજે સવારે આશરે સાડા છ વાગ્યાની આસપાસ આંચકો આવ્યો હતો. ધરતીકંપનુ કેન્દ્ર ઉત્તરપ્રદેશના મેરઠમાં હોવાનુ જાણવા મળ્યુ છે. રિકેટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૩.૮ જેટલી આંકવામાં આવી છે. હજુ સુધી ધરતીકંપના કારણે નુકસાનને લઈને કોઈ માહિતી મવી નથી.

રવિવારના દિવસે હરિયાણાના ઝઝજરમાં હળવી તીવ્રતાના આંચકા આવ્યા હતા. દિલ્હી અને એનસીઆરમાં આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે ગઈકાલે સાંજે ૪.૩૭ વાગે પણ આંચકો આવ્યો હતો. દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દેશના કેટલાક ભાગોમાં હાલના મહિનામાં આંચકા આવતા રહ્યા છે.

સતત બે દિવસ સુધી આંચકા આવ્યા બાદ સંબંધિત વિભાગના વૈજ્ઞાનિકો અભ્યાસમાં લાગી ગયા છે. દેશના કેટલાક ભાગો પણ ભૂકંપ પ્રભાવિત વિસ્તાર તરીકે રહ્યા છે. દિલ્હી અને એનસીઆર ઉપરાંત દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ હાલમાં થયેલા ભૂકંપને લઈને અભ્યાસની ગણતરી ભૂગર્ભ વૈજ્ઞાનિકો હાથ ધરી રહ્યા છે.

## આંધ્રપ્રદેશ સરકારે પેટ્રોલ-ડિઝલમાં બે રૂપિયા ઘટાડ્યા

અમરાવતી,તા.૧૦

આંધ્ર પ્રદેશમાં મંગળવારે પેટ્રોલ અને ડીઝલની કિંમત અન્ય રાજ્યોના મુકાબલે બે રૂપિયાનો ઘટાડો થયો છે રાજસ્થાનમાં પેટ્રોલ અને ડીઝલમાં વેટ ઓછો કર્યા પછી હવે આંધ્ર પ્રદેશમાં પણ તેલની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આંધ્ર પ્રદેશમાં મંગળવારે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ પેટ્રોલ અને ડીઝલના કિંમતમાં બે રૂપિયાના ઘટાડાની જાહેરાત કરી હતી. આ પહેલા રાજસ્થાનમાં વસુંધરા રાજેએ પેટ્રોલ અને ડીઝલમાં ચાર ટકા વેટ ઘટાડીને લોકોને રાહત આપી હતી. જેથી તેલની કિંમતોમાં ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો થયો છે.

## ...ને શિવસેનાએ બંધનું એલાન પાછુ ખેંચ્યુ..!!

ન્યુ દિલ્હી,તા.૧૦

ભાજપના સહયોગી પાર્ટી શિવસેનાએ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાને લઈ કેન્દ્ર સરકારનો ખુલ્લીને વિરોધ કરી રહ્યાં છે પરંતુ કોંગ્રેસના ભારત બંધમાં સામેલ થશે નહીં. આ એલાન રવિવારના રોજ પાર્ટીની તરફથી કરાયું. ત્યારબાદથી અંદાજ લગાવામાં આવી રહ્યો હતો કે આખરે એવું તે શું થયું કે એક દિવસ પહેલાં સુધી શિવસેનાએ આખા શહેરમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારાની વિરૂદ્ધ પોસ્ટર લગાવ્યા બાદ અચાનક બંધમાં સામેલ ન થવાનો નિર્ણય લીધો. કારણ? ભાજપ અધ્યક્ષ અમિત શાહે એક કૉલ કર્યો.

પાર્ટીના વરિષ્ઠ નેતાઓના મતે તેમાંથી કેટલાંય લોકોએ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને બંધમાં સામેલ ન થવાની ભલામણ કરી હતી પરંતુ અમિત શાહ અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની જેમ જ કૉલ આવ્યા બાદ પાર્ટીએ પોતાના સ્ટેન્ડમાં ફેરફાર કર્યા. જો કે કૉંગ્રેસ-એનસીપીએ રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં સામેલ થવા માટે શિવસેનાને અપીલ કરી છે.

રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે જો શિવસેના બંધમાં સામેલ થવા માટે નિર્ણય લે તો ભાજપ માટે એક મોટી શરમજનક વાત થાય કારણ કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આમંત્રણ
FDCWC
ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી
આયોજીત
ગ્રાહક સાવચેતી અને ગ્રાહક સુરક્ષા
પર ચર્ચા - વિચારણા
ઈન એસોશીએશન વીથ
ફુડ એન્ડ ડ્રગ્સ કંન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશન (ગુજરાત સરકાર)
તારીખ : ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ | સમય : બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી
સ્થળ : સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, કુડાસણ, ગાંધીનગર.
સ્પીકર
ડો. એચ.જી. કોશીયા — એફ.ડી.સી.એ. કમીશ્નર, ગુજરાત
શ્રી પ્રવિણભાઈ પટેલ — મેયર, ગાંધીનગર.
શ્રી સુધીરભાઈ મોરે — રાષ્ટ્રીય અધ્યક્ષ, એફ.ડી.સી.ડબ્લ્યુ.સી.
શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા — ડે.મેયર, ગાંધીનગર.
ડો. કલ્પેશ ગોસ્વામી — મેડીકલ આરોગ્ય અધિકારી, ગાંધીનગર.
શ્રી કૃષ્ણકાંત ઝા — તંત્રી, ગાંધીનગર સમાચાર
સહયોગ
SATKAR Garden Restaurant & Banquet Hall | HOTEL city inn THE GRACE HOUR BANQUET | BLAKE PEPPER | terracotta
મીડીયા પાર્ટનર : INDEX SOLUTIONS | Vaastu Digital Image
www.fdcwc.in
એફ.ડી.સી.ડબ્લ્યુ.સી. ગુજરાત સ્ટેટ કમિટી
શ્રી અનીલભાઈ મોરે — જન.સેક્રેટરી, ગુજરાત. | શ્રી મિનેશભાઈ વ્યાસ — વાઈસ પ્રેસીડેન્ટ, ગુજરાત. | શ્રી ગૌરાંગભાઈ પંડ્યા — પી.આર.ઓ. ગુજરાત. | શ્રી સમીરભાઈ નાદેરીયા — પ્રેસીડેન્ટ, હોટલ સેલ, ગુજરાત. | શ્રી વસીમભાઈ કાદરી — પ્રેસીડેન્ટ, ગાંધીનગર. | શ્રી દીપકભાઈ વ્યાસ — પ્રેસીડેન્ટ, પબ્લીક હેલ્થ સેલ, ગાંધીનગર.
R.S.V.P. :- 9825729692, 9998931927, 99798 85281

SURYA MOTORS
AUTHORISED DEALERSHIP
ASHOK LEYLAND
Aapki Jeet. Hamari Jeet.
ગણેશ ચતુર્થી નિમિત્તે આપની મનપસંદ ગાડી બુક કરાવો ૧૦૦ % લોન સાથે
આજે બુકીંગ કરાવો આજે જ ડીલીવરી મેળવો...
ઓછું ડાઉન પેમેન્ટ
તાત્કાલીક લોન Equitas finance તરફથી
આકર્ષક ડિસ્કાઉન્ટ



NEW MITR | NEW PARTNER | NEW DOST
શોરૂમ : સનાથલ ઓવરબ્રીજ પાસે, બાવલા રોડ, સરખેજ, અમદાવાદ. મો.: 7575803090, 7575803091
અડાલજ : હિરો શોરૂમ પાસે, સ્વાગત સીટી સામે, એસબીઆઈ બેંક (અડાલજ શાખા) સામે, શ્રીનાથ રેસીડન્સી સામે, અડાલજ-ચાંદખેડા હાઈવે, અડાલજ. ડી. ગાંધીનગર. મો.: 7575803099
કલોલ : શોપ નં. ૨૬, સાનિધ્ય રેસીડન્સી, સીંદબાદ હોટલ સામે, કલોલ. મો.: 7575803092
નારોલ : કોઝી હોટલની બાજુમાં, વિશાલા નારોલ હાઈવે. મો.: 7575803098 | ધોળકા : અમન પાર્ક ખાલીકુન્ડ બાવળા રોડ, બાલવાસ ચોકડી. મો.: 7575803098 | વસ્ત્રાલ : નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, તક્ષશિલા ગલેરીયા મોલ, એસ.પી. રીંગ રોડ, મો.: 7575803098